# <u>Press Note</u>

ગઈ તા. 22/08/2017 ના રોજ દમણ પોલીસને એક ખાનગી બાતમી મળેલ કે ડાભેલ ક્રિકેટ ગ્રાઉંડ સામે આવેલ એક પાનના ગલ્લા વાળો નામે મનોજ બીન તેમના પાનની દુકાનમાં ગેરકાયદેશર રીતે ગાંજાનું વેચાણ કરતો હોય જે રીતેની બાતમીના આધારે સદર જગ્યા પર રેડ કરવા માટે ઉપરી અધિકારીઓની લેખીતમાં પરમીશન મેળવેલ ત્યાર બાદ DIGP દમણ દીવ અને દાદરા નગર હવેલી શ્રી બી.કે.સિંગ તેમજ SP દમણ શ્રી સેજુ કુરુવિલ્લા વાળાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ બનાવી જેમાં નાની દમણ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ PI શ્રી ભરત પુરોહીત, હેડ કોન્સટેબલ કૃષણાવીજય, પોલીસ કોન્સટેબલ અમીત પટેલ, સ્નેહલ સોલંકી, ભૌતીક બામણીયા વાળાઓ તેમજ બે પંચોને સાથે રાખી ખાનગી વાહનમાં બેસી બાતમી વાળી જગ્યા ડાભેલ ક્રીકેટ ગ્રાઉંડની સામે આવેલ એક નામ વગરની પાનની દુકાનમા જઈ તપાસ કરતાં સદર દુકાનમાથી 950 ગ્રામ ગાંજો મળી આવેલ અને સદર પાનની દુકાન (ગલ્લા) ના માલીક નામે મનોજ બિન ફાગું બિન વાળાને રંગે હાથ ગાંજા સાથે પકડી પાડેલ જે સદર બાબતની જાણ ઉપરી અધીકારીઓને કરતાં તેઓના મૌખીક આદેશ અનુશાર ગુન્હો દાખલ કરવાનું કહેતા નાની દમણ પોલીસ સ્ટેશનમાં ગુન્હો કલમ 20(2)(B), 22(B), 23( B) NDPS Act-1985 ( Narcotic Drugs and Psychotropic Substances Act-1985) મુજબ રજીસ્ટર કરી આરોપી નામે મનોજ બિન S/o. ફાગુ બિન, ઉ.વર્ષ 32 રહે.ધીરુભાઈ ની ચાલ, રૂમ નું.૪૩, ઘેલવાડ ફળિયા, ડાભેલ, નાની દમણ. મૂળ વતન-ગામ-અશલડીપુર, પોસ્ટ-મગરસનકલા, થાના-કરુન્ડીકલા, જીલ્લા-સુલ્તાનપુર, યુ.પી. વાળાને અટક કરી આગળનું તપાસ કામ PSI શ્રી યુ.આર.કાલે વાળા કરી રહ્યા છે.

